**GJJN070004462020**

| | | | |
|---|---|---|---|
| આંક :– | | | |
| રજૂ તારીખ :– | ૧૩/૦૩/૨૦૨૦ | | |
| દાખલ તારીખ :– | ૧૩/૦૩/૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ :– | ૨૩/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો :– | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૪ | ૧૦ |

**–:નમુનો–અ:–**

## જુનાગઢના મહે.ત્રીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કેમ્પ એટ માંગરોળ, મુ.માંગરોળ.

**ચુકાદાની તા. ૨૩/૦૭/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૩૬૪/૨૦૨૦**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | આઈ.પી.સી. કલમ–૩૨૩, ૨૯૪(ખ) મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૮૨૦૦૦૫૭/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ પોલીસ સ્ટેશન. |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી જે.એન. શ્રીમાળી |
| આરોપી પક્ષ | પરેશભાઈ દામજીભાઈ પરમાર,<br>રહે.માંગરોળ, વાલ્મીકી વાસ,<br>ઈન્દીરાનગર રોડ,<br>તા.માંગરોળ |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી. એમ.એચ.ગોહેલ. |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૬/૦૧/૨૦૨૦ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૬/૦૧/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૧૩/૦૩/૨૦૨૦ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૨ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૦/૦૯/૨૦૨૨ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૨૩/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

## **–:આરોપીની વિગત:–**

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુકત તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ /દોષ** | **કરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પરેશભાઈ દામજીભાઈ પરમાર | ૨૭/૧/૨૦ | ૨૭/૧/૨૦ | આઈ.પી.સી. કલમ–૩૨૩, ૨૯૬(ખ) મુજબ | નિર્દોષ | –– | –– |

## **–:નમુનો–ક:–**

## **:: સાહેદો નુ લીસ્ટ::**

**અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો :**

| **ક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| પી.૧ | ૦૮ | લક્ષ્મીબેન દામજીભાઈ પરમારની જુબાની | ફરીયાદી |
| પી.૨ | ૧૦ | નાથીબેન દામજીભાઈ પરમારની જુબાની | સાહેદ |
| પી.૩ | ૧૧ | નમ્રતાબેન દિનેશભાઈ ચૌહાણની જુબાની | સાહેદ |
| પી.૪ | ૧૨ | ડો.રામ બોદાભાઈ કોડીયાતરની જુબાની | ડોકટર સાહેદ |
| પી.૫ | ૧૪ | પુષ્પાબેન રમેશભાઈ ટીમાણીયાની જુબાની | સાહેદ |
| પી.૬ | ૧૫ | મીનાબેન રામજીભાઈ ટીમાણીયાની જુબાની. | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| પી.૭ | ૧૬ | જીતેન્દ્ર વિનોદભાઈ જેઠવાની જુબાની. | પંચસાહેદ |
| પી.૮ | ૧૮ | રમેશ પ્રેમજીભાઈ ટીમાણીયાની જુબાની. | પંચસાહેદ |
| પી.૯ | ૨૦ | વિનોદ હીરાભાઈ જેઠવાની જુબાની. | પંચસાહેદ |
| પી.૧૦ | ૨૧ | સુરેશભાઈ વલ્લભભાઈ જેઠવાની જુબાની. | પંચસાહેદ |
| પી.૧૧ | ૨૨ | ઈરફાનભાઈ હબીબભાઈ રુમીની જુબાની. | ત.ક.અ. |

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

**અ. ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૦૯ | અસલ ફરીયાદ. |
| ડી.૨ | ૧૩ | ફરિયાદીનું એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ડી.૩ | ૧૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૩ | ૧૯ | અટક પંચનામું |

**બ. બચાવ પક્ષ :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | ……… | ……… |
| બ.સ.૧ | ……… | ……… |

**ક. ન્યાયાલય પક્ષ :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | ……… | ……… |
| ન્યા.સ.૧ | ……… | ……… |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u> :**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | ......... |
| ૨. | ભૌ.પ.૨ | ......... |

## <u>–:: ચુ કા દો ::–</u>

(૧) **ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત :–** આ કામના આરોપી એ તા.૨૬/૦૧/૨૦૨૦ નાં રોજ કલાક ૧૨–૩૦ વાગ્યાનાં સુમારે માંગરોળ વાલ્મીકી વાસમાં આ કામનાં ફરીયાદીનાં રહેણાંક મકાન પાસે જઈ ફરીયાદીને કહેલ કે, મમ્મી તને રૂપિયા ખવડાવે છે તેમ કહી આ કામનાં ફરીયાદી તથા સાહેદ નં.–૬ ને જાહેરમાં ભુંડી ગાળો બોલતા, ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા ફરીયાદીને લાકડી લઈ આવી ફરીયાદીનાં ડાબા પગના ગોઠણ ઉપર લાકડીનો એક ઘા મારી, તેમજ ઢીકાપાટુનો મુઢ માર મારી ઈજાઓ કરી ગુન્હો કરેલ જે બનાવની આ કામના ફરીયાદીએ પોલીસ ફરીયાદ કરેલી.

(૨) **ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–** ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આરોપી વિરૂધ્ધ માંગરોળ પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૦૦૦૫૭/ ૨૦૨૦ થી ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ) મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધીકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપી વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

(૩) **ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–** આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૧૯૦(બી) મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીને બજી જતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થયેલ. આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીની આંક–૭ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમા તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગે છે તેમ પુછતા આરોપીએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમા નમુના 'ક' મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

(૫) **આરોપીઓનું વિશેષ નિવેદન :–** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમા તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, આ કામમાં તેઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરી, ખોટા સાક્ષીઓ ઉભા કરેલ છે અને ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરીયાદપક્ષે વિ. એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળીની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષના વિ.વકીલ શ્રી એમ.એચ.ગોહેલની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૭) ત્યાર બાદ કોર્ટ સમક્ષનો ફરીયાદપક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ :–

| | **મુદ્દા** |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી |

| | |
|---|---|
| | એ તા.૨૬/૦૧/૨૦૨૦ નાં રોજ કલાક ૧૨–૩૦ વાગ્યાનાં સુમારે માંગરોળ વાલ્મીકી વાસમાં આ કામનાં ફરીયાદીનાં રહેણાંક મકાન પાસે જઈ ફરીયાદીને કહેલ કે, મમ્મી તને રૂપિયા ખવડાવે છે તેમ કહી આ કામનાં ફરીયાદી તથા સાહેદ નં.–૬ ને જાહેરમાં ભુંડી ગાળો બોલતા, ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા ફરીયાદીને લાકડી લઈ આવી ફરીયાદીનાં ડાબા પગના ગોઠણ ઉપર લાકડીનો એક ઘા મારી, તેમજ ઢીકાપાટુનો મુઢ માર મારી ઈજાઓ કરી ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

## (૮) મુદ્દાઓના નિર્ણય

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

## (૯) નિર્ણય માટેના કારણો

**મુદ્દા નં. ૧ :**

**(૯.૧) ફરીયાદપક્ષનો પુરાવો :–** આ કામે આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંક પણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરીયાદ પક્ષ તરફથી સૌપ્રથમ ફરીયાદ પક્ષે આંક–૮ થી ફરીયાદી લક્ષ્મીબેન દામજીભાઈ પરમારને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ ત્રણ વર્ષ પહેલા બપોરના બાર વાગ્યે બનેલો. બનાવ વખતે તેણી ઘરે કપડા ધોતી હતી. તેમનો નાનો ભાઈ પરેશ દામજી પરમારે તેમની ઘરે આવીને કહેલ કે આપડી મા તને પૈસા ખવડાવે છે અને તારુ પુરુ કરેલ છે. જેથી તેમણે એને કીધેલ કે, તેમની મમ્મી તેમનુ કાઈ પુરુ કરતી નથી. બનાવ વખતે તેમની મા, પુષ્પાબેન, મીનાબેન અને નમ્રતા હાજર હતા. આરોપી તેમને લાકડી વડે મારવા લાગેલો. તેમના ડાબા ગોઠણ પર

લાકડી મારી દીધેલ. તે છરી લઈને આવેલ તે નમ્રતાએ ફેંકાવી દીધેલ. તેમની મમ્મીએ તેમને છોડાવેલ નહી. તેણી તથા પુષ્પાબેન, નમ્રતા રાડો પાડવા લાગેલ. આ લોકોએ તેમને છોડાવેલ. નમ્રતા તેમને રીક્ષામા માંગરોળ સરકારી દવાખાને લઈ ગયેલ. તેમણે પોલીસમા ફરીયાદ આપેલ અને અસલ ફરીયાદમા તેમના હાથના અંગુઠાનુ નીશાન ઓળખી બતાવી આ કામે આંક–૯ થી રજુ કરેલ છે. આ બનાવ તેણી તેમના પપ્પાના મકાનમા રહેતી હોય ખાલી કરવા બાબતે બનેલો. આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. આ કામનો આરોપી હજુ પણ તેમને હેરાન કરે છે અને તેમના પર ખોટા કેસ કરે છે.

સદર ફરીયાદી બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આજથી વીસ વર્ષ પહેલા મુંબઈ મુકામે દીનેશ ચૌહાણ સાથે થયેલા. તેમના પતિ દીનેશ ચૌહાણ મુંબઈ મહાનગરપાલીકામા સરકારી નોકરી કરે છે. સાહેદ હવે જણાવે છે કે તેમને ખબર નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, સંતાનમા બે દીકરી અને એક દીકરો છે. તેમનો મોટો દીકરો અને મોટી દીકરી તેમના પતિ પાસે છે. તેણીએ તેમના ઘરવાળા વિરુધ્ધ ખાધાખોરાકીનો કેસ કરેલ છે. તેઓ ત્રણ બહેનો અને બે ભાઈઓ છે અને તેમા તેણી સૌથી મોટી છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેણી જે મકાનમાં રહે છે તે તેમના માતા નાથીબેનના નામે છે. સાહેદ જણાવે છે કે તેમના પપ્પા તેમની હયાતીમા તેણીને આપવાનુ કહીને ગયેલા પણ ગુજરી ગયેલા. મકાન તેમના નામે કરી આપે તો તેમને કેસમા સમાધાન કરી નાખવાનુ છે.

(૯.૨) ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૦ થી સાહેદ નાથીબેન દામજીભાઈ પરમાર ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી લક્ષ્મીબેન તેમની દીકરી અને આરોપી પરેશ તેમનો દીકરો થાય છે. બે ત્રણ વર્ષ પહેલા તેઓનો કાંઈક ઝઘડો થયેલો. બનાવ વખતે તેણી બહાર હતી એટલે બનાવમા શું બનેલ તે તેમને ખબર નથી. બહારથી ઘરે આવેલ ત્યારે તેમને ખબર પડેલી કે, તેમના છોકરા પરેશને પકડી લીધેલ એટલે તેણી જામીન થવા કોર્ટમા આવેલી.

સદર ફરીયાદી તેમની ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં તેમના પોલીસ નિવેદન તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર ફરીયાદી બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમણે બનાવ નજરે જોયેલ નથી. તેણી ઝઘડા બાબતે કાંઇ જાણતી નથી. તેઓ આ કેસમા પરેશમા જામીન થવા આવેલી એ સિવાય બીજું કાંઇ જાણતી નથી. પોલીસે તેમનો કોઇ જવાબ લીધેલ નથી.

(૯.૩) ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૧ થી સાહેદ નમ્રતાબેન દિનેશ ચૌહાણ ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી લક્ષ્મીબેન તેમની માતા થાય છે. બનાવ બે વર્ષ પહેલા બાર સાડાબાર વાગ્યે બનેલો. બનાવ વખતે તેણી, તેમની મમ્મી બધા ઘરે હતા. બનાવમા તેમની મમ્મીને પરેશભાઈ લાકડુ લઈ ને મારવા આવેલા. તેમની મમ્મી તે વખતે કપડા ધોતી હતી અને તેમની મમ્મીને ગાળો પણ આપેલી. પરેશભાઈએ તેમની મમ્મીને ગોઠણમા લાકડુ મારેલ. મીનાબેન, પુષ્પાબેન અને તેઓએ તેમની મમ્મીને છોડાવેલ અને તેમની મમ્મીને માંગરોળ સરકારી દવાખાને લઈ ગયેલા. તેમની મમ્મીને જેમફાવે તેમ ગાળા બોલતા હતા અને તેમની મમ્મીએ ના પાડેલ એટલે આ બનાવ બનેલ.

સદર સાહેદ બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી પરેશભાઈ તેમના સગા મામા થાય છે. પોલીસને તેમનુ નીવેદન તેમની મમ્મીએ લખાવેલ. એ વાત ખરી છે કે તેમની મમ્મી ઈન્દ્રજીત પરમાર નામના વકીલ શ્રી રહે. માંગરોળને ત્યાં સાફ સફાઈનુ કામ કરવા જાય છે. વકીલશ્રી ઈન્દ્રજીત પરમાર આ કેસ બાબતે તેમને સલાહ સુચન આપે છે. તેઓ જે મકાનમા તેમની મમ્મી સાથે રહે છે તે તેમની નાની નાથીબેનના નામે છે. આ મકાન તેમને મળી જાય તો કોઈ પ્રશ્ન રહેતો નથી.

(૯.૪) ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૨ થી સાહેદ ડો.રામ બોદાભાઈ કોડીયાતર ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા.૨૬/૧/૨૦૨૦ ના રોજ તેઓ સામુહિક આરોગ્ય કેન્દ્ર માંગરોળ ખાતે ફરજ પર હાજર હતા ત્યારે લક્ષ્મીબેન દામજીભાઈ પરમાર ઉ.વ.૩૫ રહે.માંગરોળ વાળા જાતે બપોરના ૧:૫૦ કલાકે આવેલ હતા. દર્દીને પુછતા જણાવેલ કે મારા મારી થયેલ છે અને લાકડી વડે મારેલ છે. દર્દીએ ફરીયાદ કરતા જણાવેલ કે તેને ડાબા ઘુંટણમા, કમરમાં, ડાબા હાથમા

દુખાવો થાય છે. દર્દીને તપાસતા ઈજા નં. ૧) ૭ સે.મી. સાઈઝનો એક સમાંતર ઉજરડો ડાબા હાથે હતો જે નાનો દોરા જેવો ઉજરડો હતો. ઈજા નં. ૨) ડાબા ઘુટણમા સોજો આવેલો હતો અને દુખાવો થતો હતો. દર્દી સરખી રીતે ચાલી શકતા ન હતા. દર્દીને એક્ષ રે માટે ઓર્થોપેડીક ડો.શ્રીને રીફર કરેલા. સદર દર્દીને તપાસ્યા બદલ તેઓએ સારવારનું પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ જે અસલ ઓ.પી.ડી. નં.૮૩૮૨ જે તા.૨૬/૧/૨૦ નું તેમને બતાવતાં જે તેમના હસ્તાક્ષરમાં છે તેમાં તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક-૧૩ થી રજુ કરેલ છે.

સદર સાહેદ બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ઈજાઓ સામાન્ય પ્રકારની હતી સાહેદ જણાવે કે દર્દીને ઓર્થોપેડીક પાસે રીફર કરાવેલ હોય એક્ષ રે આવ્યા બાદ ખબર પડે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આંક-૧૩ વાળા સર્ટીમા જણાવ્યા મુજબની ઈજાઓ કોઈ વ્યકિત પગથીયા પરથી પડી જાય તો થઈ શકે. દર્દીએ માર મારનાર ઈસમોના નામ તેમને જણાવેલ નથી.

**(૯.૫)** ફરીયાદપક્ષ ધ્વારા આંક-૧૪ થી સાહેદ પુષ્પાબેન રમેશભાઈ ટીમાણીયા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ બાબતે તેણી કાંઈ જાણતી નથી. બનાવમાં શું બનેલ તેની તેમને ખબર નથી. તેણી લક્ષ્મીબેનને ઓળખતી નથી અને લક્ષ્મીબેનને ઝઘડો થયેલ હોય તે બાબતની તેમને ખબર નથી. તેણી આરોપીને ઓળખતી નથી.

સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં તેમના પોલીસ નિવેદન તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેમણે નજરે જોયેલ ન હોય તેઓ બનાવ વિશે માહિતગાર નથી. બનાવમાં કોણે કોને શું મારેલ તેની પણ તેમને ખબર નથી.

(૯.૬) ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૫ થી સાહેદ મીનાબેન રામજીભાઈ ટીમાણીયા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, વર્ષ દિવસ પહેલા તેમના વાલ્મીકી વાસમ આ પરેશભાઈ અને લક્ષ્મીબેન ઝઘડતા હતા બધા જોવા ગયેલા એટલે તેઓ પણ જોવા ગયેલા એમાં પોલીસે નામ લખી લીધેલ. બંને જણા એકબીજાને ગેરશબ્દો બોલતા હતા. આ સિવાય બીજું કાંઈ જાણતી નથી. આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં તેમના પોલીસ નિવેદન તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેણી સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે. તેમની નોકરીનો ટાઈમ સવારનાં આઠથી સાંજના આઠ વાગ્યા સુધીનો હોય છે. સાહેદ જણાવે છે કે, જમવાનો એક કલાક હોય છે જે બપોરના બે થી ત્રણનો છે. સાહેદ જણાવે છે કે, ત્રણ સાડાત્રણ વાગ્યે તેમને કામે પાછા જતાં રહેવું પડે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેમણે પોલીસમાં કોઈ નિવેદન લખાવેલ નથી. આરોપી પરેશભાઈ તેમના વાસમાં રહે છે એટલે તેમને અગાઉથી ઓળખે છે. બનાવનાં દિવસે તેણી નોકરીએ જ ગયેલ હતી.

(૯.૭) ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૬ થી પંચસાહેદ જીતેન્દ્ર વિનોદભાઈ જેઠવાને તથા આંક–૨૧ થી પંચસાહેદ સુરેશભાઈ વલ્લભભાઈ જેઠવાને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૭ થી રજુ ગુનાવાળી જગ્યાનાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર પંચસાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા આંક–૧૬ નાં પંચસાહેદને પરવાનગીથી ફરી ગયેલ પંચસાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર પંચસાહેદો બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉલટતપાસમા સ્વીકારે છે કે, પંચનામામાં સહી સિવાય બીજુ કાંઈ જાણતા નથી.

(૯.૮) ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૮ થી પંચસાહેદ રમેશ પ્રેમજીભાઈ ટીમાણીયાને તથા આંક–૨૦ થી પંચસાહેદ વિનોદ હીરાભાઈ જેઠવાને સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૯ થી રજુ થયેલ આરોપીના અટક પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને પરવાનગીથી ફરી ગયેલ પંચસાહેદો જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર પંચસાહેદ બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉલટતપાસમા સ્વીકારે છે કે, પંચનામામાં સહી સિવાય બીજુ કાંઈ જાણતા નથી.

(૯.૯) ફરીયાદપક્ષ દ્વારા આંક–૨૨ થી ત.ક.અ.શ્રી ઈરફાનભાઈ હબીબભાઈ રુમી ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા.૨૬/૦૧/૨૦૨૦ નાં રોજ તેઓ માંગરોળ પોલીસ સ્ટેશનમાં પો.હે.કો. તરીકે તેમની ટાઉન એ બીટમાં ફરજ બજાવતા હતા ત્યારે એ.એસ.આઈ. પી.એસ.ઓ., ડી.જી. બારડે એક ગુનો આઈ.પી.સી. કલમ–૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની એફ.આઈ.આર. તપાસનાં હુકમ સામે તેઓને સોંપતા, તેઓએ તપાસ સંભાળી, તપાસનાં કામે ગુનાવાળી જગ્યાનું પંચોની હાજરીમાં પંચનામુ કરેલ, લાગતા વળગતા સાહેદો તથા

આજુબાજુવાળાનાં નિવેદન લીધેલ. બાદ આરોપીને અટક કરી, અટક પંચનામુ કરી આરોપી પાસેથી બનાવમાં ઉપયોગમાં લીધેલ લાકડી કબજે કરેલ, ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ મેળવેલ, તેમજ આ ગુનાનાં કામે તપાસ દરમિયાન બનાવ બનેલ તે દિવસનું જાહેરનામુ અમલમાં ન હોય જેથી જી.પી.એકટની કલમ–૧૩૫ રદ કરવા અંગેનો રીપોર્ટ નામદાર કોર્ટમાં કરેલ. આરોપી વિરુધ્ધ આઈ.પી.સી. કલમ–૩૨૩,૨૯૪(ખ) મુજબનો ગુનો બનતો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદર ત.ક.અ.શ્રી બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, બનાવવાળી જગ્યા કામનાથ રોડ પર વાલ્મીકી સમાજમાં બનેલ છે અને તેની આજુબાજુ ઘણા બધા માણસોના રહેણાંક મકાન આવેલા છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન:–</u>**

(૧૦) ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ ફરીયાદીની ફરીયાદની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલા છે કે કેમ ? તે ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ તેમની આંક–૮ ની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ વખતે તેણી કપડા ધોતી હતી ત્યારે તેમના નાના ભાઈ પરેશ દામજી પરમારે તેમના ઘરે આવીને કહેલ કે, આપડી મા તને પૈસા ખવડાવે છે અને તારુ પુરુ કરેલ છે. જેથી તેમણે એને કીધેલ કે, તેમની મમ્મી તેમનુ કાઈ પુરુ કરતી નથી. બનાવ વખતે તેમની મા, પુષ્પાબેન, મીનાબેન અને નમ્રતા હાજર હતા. આરોપી તેમને લાકડી વડે મારવા લાગેલો. તેમના ડાબા ગોઠણ પર લાકડી મારી દીધેલ. તે છરી લઈને આવેલ તે નમ્રતાએ ફેંકાવી દીધેલ. તેમની મમ્મીએ તેમને છોડાવેલ નહી. તેણી તથા પુષ્પાબેન, નમ્રતા રાડો પાડવા લાગેલ અને આ લોકોએ તેમને છોડાવેલ અને નમ્રતા તેમને રીક્ષામા માંગરોળ સરકારી દવાખાને લઈ ગયેલાની હકીકત જણાવેલ છે. હવે સાહેદ નમ્રતાબેનનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે બનાવમાં પરેશભાઇ તેમની મમ્મીને લાકડુ લઇ મારવા આવેલ અને તેમની મમ્મીને ગાળો પણ આપેલી. પરેશભાઇએ તેમની મમ્મીને ગોઠણમા લાકડુ મારેલ. મીનાબેન, પુષ્પાબેન અને તેઓએ તેમની મમ્મીને

છોડાવેલ અને તેમની મમ્મીને માંગરોળ સરકારી દવાખાને લઈ ગયેલા. તેમની મમ્મીને જેમફાવે તેમ ગાળા બોલતા હતા અને તેમની મમ્મીએ ના પાડેલ એટલે આ બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ છે, જયારે આરોપી છરી લઇને આવેલ હોય અને સદર સાહેદે છરી ફેંકાવી દીધેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી કે ફરીયાદમાં પણ આરોપી છરી લઇને આવેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં ફરીયાદી સદર સાહેદ નમ્રતાબેનનાં માતા થતાં હોય તેઓ ફરીયાદીનાં પુરાવાને સમર્થનકારક જુબાની આપે છે તે સ્વાભાવિક છે, પરંતુ બનાવ સમયે હાજર ફરીયાદીની માતા નાથીબેન દામજીભાઇ પરમારનો તથા સાહેદ પુષ્પાબેન રમેશભાઇ ટીમાણીયાનો અને સાહેદ મીનાબેન રામજીભાઇ ટીમાણીયાનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરતાં નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલ છે અને ઉલટતપાસમાં તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. તે સંજોગોમાં સદર તમામ સાહેદોની જુબાનીને આધારે પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપી તેમને લાકડી વડે મારવા લાગેલ અને ડાબા ગોઠણ ઉપર લાકડી મારી દીધેલ હોવાનું જણાવેલ છે, તેમજ ડોકટર રુબરુની હીસ્ટરીમાં પણ તેઓએ મારામારી થયેલાનું અને લાકડી વડે મારેલાનું જણાવેલ છે અને ડોકટરશ્રીએ તપાસતાં તેઓને ડાબા ઘુંટણમાં સોજો આવેલ હતો અને દુ:ખાવો થતો હોવાની ઈજા થયેલ હોવાનું જણાવેલ છે, પરંતુ સદર ઈજા હાલનાં આરોપીએ કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. તેમજ ડોકટરશ્રીએ પણ તેમની ઉલટતપાસમાં દર્દીએ માર મારનાર ઇસમોના નામ તેમને જણાવેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. જેનાથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામના ફરીયાદીને ઈજા થયેલ તે હકીકત ડોકટર સાહેદની જુબાની ધ્યાને લેતાં ન માનવાને કોઈ કારણ નથી, પરંતુ સદર ઈજા હાલનાં આરોપીએ પહોંચાડેલ હોય તેવી કોઇ હકીકતને સમર્થન મળતું ન હોય, ડોકટર સાહેદની જુબાનીને આધારે પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં કેસનું રેકર્ડ વંચાણે લેતાં, ફરીયાદી તથા આરોપી બંને સગા ભાઇ બહેન થાય છે અને તેઓ વચ્ચે પિતાના મકાન બાબતે તકરાર ચાલતી હોવાની હકીકત પણ રેકર્ડ પર આવેલ છે. ફરીયાદી તેમના પિતાના મકાનમાં રહે છે અને તે તેમની માતાના નામે હોવાનું જણાવે છે અને સદર મકાન તેમના પિતાની હયાતીમાં તેમને આપેલાનું જણાવે છે, પરંતુ ફરીયાદીની માતા સાહેદ નાથીબેન દામજીભાઇ ટીમાણીયા તેમની જુબાનીમાં આવી કોઇ હકીકત જણાવતાં નથી. વધુમાં ફરીયાદી તેમની જુબાનીમાં ઉલટતપાસમાં મકાન નામે કરી આપે તો

કેસમાં સમાધાન કરી નાંખવાની હકીકત કબુલ રાખેલ છે. તે સંજોગોમાં ફરીયાદીએ મકાન મેળવવા કેસ કરેલ હોવાની હકીકત પણ રેકર્ડ પર આવેલ હોય ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપજે છે.

**(૧૧)** વધુમાં આ કામે આંક–૧૬ તથા આંક–૨૧ નાં પંચ સાહેદોએ તેમના મૌખીક પુરાવામા આંક–૧૭ ના ગુનાવાળી જગ્યાનાં પંચનામાને તથા આંક–૧૮ તથા ૨૦ ના પંચસાહેદોએ તેમના મૌખીક પુરાવામા આંક–૧૯ ના અટક પંચનામાને સમર્થન કરેલ નથી અને વિમુખ સાહેદો તરીકે જાહેર થયેલા છે અને તેમની ઉલટતપાસ ધ્યાને લેતા તેઓ પંચનામામાં સહી સિવાય બીજુ કાંઈ જાણતા નથી તેમ જણાવેલ હોય આ પંચ સાહેદોના પુરાવાના આધારે ઉપરોકત બંને પંચનામા પણ નિ:શંકપણે પુરવાર થતા નથી.

**(૧૨)** વધુમાં, આરોપીએ ફરીયાદીને જાહેર જગ્યા પર કોઈ ગાળો આપેલ હોય તો તે કેવા પ્રકારની ગાળો આપેલ, તેના શબ્દો શું હતા તે સંબંધે કોઈ જ પુરાવો સાહેદોએ આપેલ નથી. તે જોતા, સાહેદનો પુરાવો વિરોધાભાસી હોય, તેના પર આધાર રાખી શકાય નહીં. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીના પુરાવા પરથી હાલના આરોપી સંદર્ભે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી. ત્યારે આરોપી સામેનો ભારતીય દંડ સંહીતાની કલમ–૨૯૪(ખ) મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહીં. આમ આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૨૯૪(ખ) ના તત્વો પુરવાર થતા ન હોય, તે મુજબનો ગુન્હો પણ પુરવાર થતો નથી.

**(૧૩)** આમ ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપીએ તા.૨૬/૦૧/૨૦૨૦ નાં રોજ કલાક ૧૨–૩૦ વાગ્યાનાં સુમારે માંગરોળ વાલ્મીકી વાસમાં આ કામનાં ફરીયાદીનાં રહેણાંક મકાન પાસે જઈ ફરીયાદીને કહેલ કે, મમ્મી તને રૂપિયા ખવડાવે છે તેમ કહી આ કામનાં ફરીયાદી તથા સાહેદ નં.–૬ ને જાહેરમાં ભુંડી ગાળો બોલતા, ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા ફરીયાદીને લાકડી લઈ આવી

ફરીયાદીનાં ડાબા પગના ગોઠણ ઉપર લાકડીનો એક ઘા મારી, તેમજ ઢીકાપાટુનો મુઢ માર મારી ઈજાઓ કરી ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ) અન્વયેના આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોવાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૧૪) તદઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના **ભલીન્દરસીંગ ઉર્ફે રાજુ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૧૯૯૪, ક્રિમિનલ લો જરનલ, એસ.સી. પાના નં. ૬૨,** ઉપર દર્શાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે "Prosecution has to establish his case on its own legs. Weakness of defence can not be used as circumstances in favour of prosecution." તેમજ **ભારતીય પુરાવા અધિનિયમ કાયદાની કલમ–૧૦૧** ની જોગવાઈ જોવામાં આવે તો '' જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીનાં અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ ન્યાયાલય ફેંસલો આપે તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે એમ કહેવાય. '' તે પ્રમાણે અન્ય એક ચુકાદો **શિવ ચરણ સિંહ વિરૂઘ્ધ ચંદ્રભાણ, એ.આઈ.આર–૧૯૯૮, સુ.કો. પાના નં.૬૩૭** માં પ્રસ્થાપિત સિઘ્ધાંત પ્રમાણે જે પક્ષકાર ઉપર સાબિતીનો બોજો હોય તેણે સફળ થવા માટે નિ:શંકપણે કેસ સાબિત કરવો જોઈએ અને તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેઓ પ્રતિસ્પર્ધીનાં કેસની નબળાઈનો લાભ ઉઠાવી શકતા નથી. તેણે તેના પોતાના હકકના આધારે સફળ થવું જોઈએ અને પોતાના કેસની સ્પષ્ટ સાબિતી આપવી જોઈએ. હાલના કેસમાં પણ રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો સોગંદ પરનો પુરાવો ઘ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધના ગુનાઓ નિ:શંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી ફોજદારી ન્યાયશાસ્ત્રના સિઘ્ધાંત અનુસાર હાલના આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહીં.

**(૧૫)** ઉપરોકત ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવો તથા રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાનું પુરાવાકિય મૂલ્યાંકન કરતાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ગુના નિ:શંકપણે સાબિત કરવામાં સફળ રહેલ ન હોય, **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં.ર** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–રપપ(૧) અન્વયે આ કામના આરોપી પરેશભાઈ દામજીભાઈ પરમાર, રહે.માંગરોળ, વાલ્મીકી વાસ, ઈન્દીરાનગર રોડ, તા.માંગરોળનાઓને તેમની વિરૂધ્ધના ભારતીય દંડ સંહીતા,૧૮૬૦ ની કલમ–૩ર૩, ર૯૪(ખ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(ર) આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂ.૧પ,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજ **તારીખ : ર૩ મી, માહે: જુલાઈ, સને : ર૦ર૬** ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ.
તારીખ : ર૩/૦૭/ર૦ર૬.

**(એફ.એફ.બારડોલીવાલા)**
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ
**(GJ-01286)**